

# સેતુ

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

**ત્રિમાસીક સંપર્ક પત્ર**

**વર્ષ : ૨૩** **અંક : ૮૮** **એપ્રિલ - ૨૦૨૧**

**website : www.ashaktashram.org**

**સંપાદકો** : ડૉ. નરેશભાઈ વેદ ★ શ્રી વિષ્ણુભાઈ સી. ગાંધી ★ શ્રીમતી ઉષા સી. શાહ

**પ્રમુખ** : શ્રી ચંદ્રવદન એસ. શાહ ★ **માનદ્ મંત્રીઓ** : શ્રી ગિરીશભાઈ આર. શાહ ★ શ્રી ઉદયભાઈ કે. શાહ

શાંતિલાલ એમ. શાહ અશક્તાશ્રમ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ડાકોર-૩૮૮૨૨૫. ફોન : ૦૨૬૯૯-૨૪૪૨૧૮

## મોહ મુક્તિના પગથિયાં

માણસ મોહાસક્ત પ્રાણી છે. પરંતુ આજે આપણે સમજવું છે કે આ મોહ એટલે શું ? મોહ શા માટે થાય છે ? મોહ કયારે થાય છે ? મોહ કેવી રીતે થાય છે ? મોહાસક્ત થવું શા માટે જરુરી છે ? મોહાયુક્ત કયારે થઈ શકાય ?

મોહ એટલે રાગ, આસક્તિ અથવા માયા. મોહ મનનું એક વલણ છે. મન એટલે વિચારશૃંખલા. માણસ સતત વિચાર કરતો રહે છે. એમાંથી કેટલાક વિચારો એને સારા અને અનુકુળ લાગે છે, કેટલાક વિચારો અયોગ્ય અને પ્રતિકુળ લાગે છે. જે સારું અને અનુકુળ લાગે એને પ્રાપ્ત કરવાની એનામાં ઝંખના જાગે છે. એને આપણે રાગ કહીએ છીએ. કોઈ વ્યક્તિ, વસ્તુ કે વિચારના રૂપ, ગુણ અને છટાની રઢ લાગવી એના ઉપર ઘેલા કે ફિદા થઈ જવાની લાગણી પ્રબળ થવી તેને આસક્તિ અથવા, રાગ અથવા મોહ કહે છે.

મોહના વર્તુળમાં ઈચ્છા, લિપ્સા, કામના, એષણા, અપેક્ષા, આકાંક્ષા વગેરેનો સમાવેશ થઈ જાય છે. બુભુક્ષા, મુમુક્ષા, મૂમૂર્ષા, ઈશિતા, જીજિવિષા, વિજીગિષા, રુરુદિષા, વિવિદિષા વગેરે ઈચ્છાઓ મોહના જ રૂપો છે. પુત્રેષણા, વિત્તૈષણા અને લોકૈષણા જેવી એષણાઓ, પદ પ્રતિષ્ઠા કે સંપત્તિ પરાક્રમ વડે પ્રાપ્ત કરવાની મહત્વાકાંક્ષા પણ મૂળ તો મોહનો જ વિસ્તાર છે.

મોહના અનેક પ્રકારો છે. જેમાં નામ, રૂપ, ગુણ, સંતતિ, સંપત્તિ, પ્રતિષ્ઠા એમ અનેક જાતના મોહનો સમાવેશ થઈ જાય છે. શાંતનુનો મત્સ્યકન્યાનો મોહ, ધૃતરાષ્ટ્રનો પુત્રમોહ, ભિષ્મનો પ્રતિજ્ઞામોહ, સીતાનો સુવર્ણમૃગનો મોહ, ભરતઋષિનો પ્રાણીમોહ, કોઈ એક યા બીજી વિચારધારાનો મોહ, મુખડાની, સ્થળકાળની, વસ્ત્રાભૂષણની સેવા-મેવાની માયા-આ બધા મોહના જ પ્રકારો છે.

માણસ મોહમાં ડૂબીને કામ, ક્રોધ, લોભના કાદવમાં ખૂંપી જાય છે. કર્તવ્યભ્રષ્ટ થઈ જાય છે. પછી અનેક જાતની પીડા, યાતના અને દુઃખનો ભોગ બને છે. મોહ ચિત્તને કલુષિત કરે છે, વિવેકને ઝાંખો પાડે છે. તેથી ભાગ્ય નહિ પણ ત્યાજય છે. તો તેનો ત્યાગ કેવી રીતે કરવો ? કામનાઓના ચિંતન અને ભોગનો ત્યાગ કરવો. મોહાસક્તિ બંધન છે, એમાંથી મુક્ત થવાનું છે અને થઈ શકાય છે. તેવી શ્રદ્ધા કેળવવી, ઉચ્ચતર અધ્યાત્મ અને યોગસાધન ખપમાં લેવું, આહાર, વિહાર અને વિચારમાં સંયમ અને સંતોષ કેળવવા. મોહમુક્તિ માટે સજજ થવા પ્રભુને પ્રાર્થના કરવી અને સમર્પિત થવું.

**ડૉ. નરેશભાઈ વેદ**

## પ્રમુખનો પત્ર

ગયા 'સેતુ'માં વૃદ્ધત્વમાં આવી પડતી શારીરિક તકલીફોની બાબતમાં વિચાર્યું. આ વખતે આર્થિક વિડંબનાઓની ચર્ચા કરીશું. વૃદ્ધત્વને પરિણામે કામ થઈ ન શકે. ઘુંટણનો દુઃખાવો, આંખે મોતિયા અને નવી નવી ટેકનોલોજીને લીધે સામાન્ય મધ્યમવર્ગીય કે ગરીબ વૃદ્ધને જીવવું દોહ્યલું થાય છે. ઘટતી આવક (આર્થિક ઉપાર્જનના રસ્તા બંધ થઈ જાય છે અને વ્યાજના દર ઘટતા જાય) અને આભે આંબતા વધતાં ભાવોના વિષચક્રમાં બે પાસા સરખા થતાં નથી. દેશના ૯૦% લોકો પાસે બેંક બેલેન્સ, વીમો કે શેરોનો ખજાનો હોતો નથી. રોજ કમાઈને રોજ ખાવાવાળા કુટુંબો પારાવાર મુશ્કેલીઓ અનુભવે છે. વધતી જરૂરિયાતો અને વધતાં ભાવો સાથે પુત્રોને પણ માં-બાપ સાચવવા ભારે પડે છે. નિમ્ન મધ્યમવર્ગ અને ગરીબ વર્ગ માટે સાંજનું ભોજન કેવી રીતે મેળવવું એ મોટો પ્રશ્ન થઈ ગયો છે.

મોદી સરકારે કેટલીય કલ્યાણકારી યોજનાઓ વડીલો માટે આયોજન કરી છે. દા.ત. સુકન્યા સમૃદ્ધિ યોજના તેમાં રફતે રફતે દીકરીના લગ્નની તૈયારી માં-બાપ કરી શકે. વિધવા પેન્શન યોજના હેઠળ દર માસે વિધવાને પેન્શન મળે. મેડીક્લેમ વીમામાં ઈન્કમટેક્ષમાં રાહત, સીનિયર સીટીઝન્સ ડિપોઝીટ સ્કીમ અને પબ્લિક પ્રોવિડન્ટ ફંડ સ્કીમ અને બેંકોમાંથી મળતા વ્યાજમાં પણ ખાસ્સી રાહત મોદી સરકારે આપી છે. આપણે ત્યાં મૂળભૂત ગરીબાઈ છે અને અને હરણફાળે વધતાં ભાવોએ ગરીબોનું જીવવું અઘરું કરી મૂક્યું છે. કોર્પોરેટ હોસ્પિટલો જે નવી નવી થાય છે તેના મસમોટા બીલો ઉચ્ચ મધ્યમવર્ગને પણ પોસાય તેવા નથી. સમાજને ગરીબોની પરિસ્થિતિનો બિલકુલ વિચાર જ નથી. જાણે સરકારની જ જવાબદારી હોય તેમ તેની દરકાર કે સારવાર માટે સમાજ કોઈ વ્યવસ્થા ગોઠવતો નથી. અગાઉ મધ્યમ અને ગરીબ વર્ગના શિક્ષણ માટે રૂા. ૫/૧૦, માસીક ફીની શાળાઓ હતી અને આપણાં ભાઈભાંડુનું શિક્ષણ, પોષણ અને શારીરિક દરકાર માટે હોસ્પિટલો ધનિકો બનાવતા. હાલમાં સામાન્ય મધ્યમવર્ગ કે ગરીબ માટે કઈ કરી છૂટવાની ભાવનાનો સમાજમાં અભાવ વર્તાય છે.

ઉપરના પરિપેક્ષ્યમાં મારે કહેવું જોઈએ કે અશક્તાશ્રમ આ પરિસ્થિતિનો ખ્યાલ રાખીને શરુઆતથી અત્યાર સુધી વૃદ્ધોને ફક્ત રૂા. ૪૦૦/- માસિક નિભાવથી રાખવાનું સ્વીકાર્યું છે. મધ્યમવર્ગ અને નીચલો ગરીબ વર્ગની આર્થિક સંકળામણથી આશ્રમના સંચાલકો સારી પેઠે વાકેફ છે અને દરિયાદીલ દાતાઓની સહાયથી આજે પણ રૂા. ૪૦૦/- માં નિભાવીએ છીએ. અશક્તાશ્રમ ઉપર શ્રી રણછોડરાયની કૃપા દૃષ્ટિથી અને દાતાઓ દાન થકી આ સંકલ્પ સાચવવામાં મુશ્કેલી પડી નથી. સમગ્ર વિશ્વ આપણું કુટુંબ છે સિદ્ધાંત ટ્રસ્ટીઓએ પચાવ્યો છે અને ડાકોર અને ડાકોરની ફરતા વીસ ગામોમાં દર વર્ષ ત્રણ વખત ધાનદાન કરી શકે છે. ઈશ્વર આ સામાજિક જવાબદારી નિભાવવામાં અમોને પૂરતું બળ આપે તે જ પ્રાર્થના.

# અશક્તાશ્રમના આશ્રયે

## અમારા કર્મચારી

- ઉષા ચંદ્રવદન શાહ

અશક્તાશ્રમમાં ૧૨ કર્મચારીઓ છે. એમાંના કેટલાક તો ૧૫ થી ૨૦ વર્ષથી અશક્તાશ્રમ સાથે જોડાયેલા છે. જેની સાથે લાંબો સંપર્ક છે તેવા કેટલાક કર્મચારીની વાત કરું. જેઓ અશક્તાશ્રમ પરિવારના સભ્ય બની ગયા છે.

**રેખા :** નિષ્ઠાવાન, સંવેદનશીલ અને કામઢી એવી રેખાની વાત કરું. અફસોસ કે રેખા ૬ મહિના પહેલા પ્રભુશરણ થઈ. 'સેતુ' રસિકોએ મારા એકાદ-બે લખાણમાં તેનું નામ વાંચ્યું હશે. થોડા વર્ષ અગાઉ અતિવર્ષાને કારણે પૂર આવ્યું ત્યારે ૪ ફૂટની રેખા ૩ ફૂટ ઉભરાતા પાણીને ડહોળતી, વડીલોની ચિંતા કરતી આવી'તી. 'હૂં નહી જાઉ તો બાઓ બીચારા કેવી રીતે કરશે ? સાત દિવસ સુધી ઘેર ગઈ નહી અને વડીલોની સાચી અન્નપૂર્ણા બનીને રહી. કામનો કંટાળો નહીં અને દયાથી ભરપૂર. કોઈ દાદા બહાર ગયા હોય અને મોડા પડે તો ઓફિસમાંથી ઠપકો મળે પણ રેખા દૂરથી તેમને આવી જવાનો ઈશારો કરે અને બિલકુલ ફરિયાદ કર્યા વિના તેમને જમાડે. એની તપેલીમાંથી ખાવાનું ખૂટે જ નહીં. અમને લાગે કે શાક ખૂટી ગયું લાગે છે. પૂછીએ તો તરત કહે કે 'ના રે ના'. ઘણું ય છે ખાવ તમતમારે. ખૂટેલ વસ્તુ વિના ચલાવી લે તે રેખા. તેની ઉંમર લગભગ ૬૫ વર્ષની હશે. છેલ્લા બે વર્ષથી તેને શ્વાસ ચઢતો. તેનું હાર્ટ પહોળું થતું'તું. અમે એને સવારે ઘરનું બધું કામ પતાવીને થોડા મોડા આવવાનું કહ્યું અને બપોરે અહીં આશ્રમમાં જ આરામ કરવાનું કહ્યું. મોડી તો આવે પણ મોડે સુધી કામ કરે. ઝીણાં ઝીણાં કામ પતાવે, બીજા કર્મચારીઓને ફાવતું જડ્યું. પણ... આ તો રેખા છે ને !"છો ને જતા બિચારા" !! આવી હતી અમારી રેખા.

**હંસા :** પણ ૨૦ વર્ષથી ઉપર અશક્તાશ્રમમાં હશે. નાની ઉંમરમાં વિધવા થયેલી. પતિ ગાયક હતો. હંસા પણ તેની સાથે ગાતી. અફસોસ છે - પતિને પીવાની આદત. બે દિકરાઓ અને એક દિકરી તેને સોંપી ગુજરી ગયો. બ્રાહ્મણ છે. શરુઆતમાં લોકોને ત્યાં રાંધીને ગુજરાન ચલાવવા લાગી. થોડા જ સમયમાં અશક્તાશ્રમમાં આવી ગઈ. હંસાને સ્ટોર સોંપ્યો છે. ૧૦૦ માણસોને પહોંચે તેટલું અનાજ, તેલ, ઘી, સાકર, ગોળ, પૌઆં, મમરા, અથાણા, પાપડ, સારેવડા જેવી અનેક ખાદ્ય વસ્તુઓ સાથે. વધારાના વાસણો, અનેક પ્રસંગો ઉજવાય અને તેને લગતા વાસણો અને અનેક વસ્તુઓ, વધારાની ચાદરો, કવર હજુ તો ઘણું લખી શકાય પણ અહીં અટકું છું. ઘણું કામ છે. બિચારી હાંફળી-ફાંફળી થઈ જાય. ત્યારે ધીરજ આપતા હસાવી દઈએ. એ પણ હસી પડે, ફરી સજ્જ થઈ જાય.

**માયા :** "એ આઈ બા" આખું અશક્તાશ્રમ ગાજે એવો એનો અવાજ. હરિજન બાઈ. છોકરી કહીએ તેટલી ઉંમરથી અશકતાશ્રમ સાથે જોડાયેલી છે. પાંચમું બાળક આવ્યું પછી દોઢ મહિને કામ પર ચઢી ગઈ. અમારા મંગળામાસીએ કહી દીધું કે બે ઝાડ વચ્ચે હાડલો બાંધી ખોળીયુ બનાવ. એને હુવાડી દે અને તું કામ કર. રડશે તો હૂં હીચોળીશ. ઉંચી એકવડીયો બાંધો પણ કાઠી (મજબૂત) હંમેશા હસતી પણ મિજાજ જાય ત્યારે કોઈના બાપની નહીં. મિજાજ વારેઘડીયે જાય "દાદા પોતું કરું છું તે દેખાતું નથી ? ગંધાતા પગલા લઈને આવો છો અને મારી મહેનત પર પાણી ફેરવો છો" માયાનુ કામ સાફસફાઈ, કચરા, પોતા કરવાના, સંડાસ-બાથરુમ સાફ કરવાના. પાંચ વર્ષે બાથરુમ નવા કરાવવા પડે તેવા ધૂએ. પૂછીએ તો અનેક કારણો તેની પાસે હોય. "બા શું કરું. આ ઘઈડયાં એવું બગાડીને મૂકે છે કે ન પૂછો વાત. અહીં સાફ કરું ને તઈ બગડેલું પડ્યું જ હોય. હું તો કેટલે પહોંચું !" પુનિતભાઈ એસિડ વાપરવા ન દે. બીજાને દોષનો ટોપલો પહેરાવી દે. હસી દે અને હસાવી દે. માયાનો વર દારુડીયો. માયા કામ કરે અને એ એશઆરામ. નબળો નર બૈરી પર શૂરો એમ એને રોજ મારે. એ પાંચ છોકરા મૂકીને મરી ગયો. દેવું કરતો ગયો. ચૂકવ્યું માયાએ મહેનત કરી પાચેય છોકરાને પરણાવ્યા. હવે માયા પણ બોલવા લાગી છે. "બા નીચે બેહીને ઝાડુ-પોતા થતાં નથી." ઘઈડીયાંનું કામ કરતાં કરતાં છોકરી જેવી આવેલી માયા અશક્તાશ્રમમાં જ ઘઈડી થઈ ગઈ !

**ઈશ્વર :** શિયાળો હોય, ઉનાળો હોય કે ચોમાસુ-ઈશ્વરની સાઈકલ સાડા છ વાગે બારણે આવી જ જાય. આશ્રમમાં દૂધ ઈશ્વરને ત્યાંથી આવે. ચ્હા ઈશ્વર બનાવે. બરાબર ૭-૧૫ વાગે ચ્હા આપી દે. ઈશ્વર બોલે ઓછું અને કરે વધુ. કેટલાક ચોક્કસ કામો. ચ્હા બનાવવી, દૂધ ગરમ કરવું, દાળ ચોખા ધોવા, ડાઈનીંગ હોલ સાફ રાખવો, વડીલોની જમવાની તૈયારી, શાક લાવવું વિ. અને કેટલાક આંધળા કામો જે દેખાય નહિ. કેટલાક રોજના પ્રશ્નો, ટ્યુબ ગઈ છે. પંખો નથી ચાલતો, કમોડમાં ફ્લશ નથી ચાલતું, ઘડિયાળ બંધ પડ્યું છે. પ્રસંગ હોય તો માઈક વ્યવસ્થા. ડેકોરેશનમાં મદદ કરવાનું. કેટલાય કામો !! ઈશ્વરનો હાથ ઝડપી, મોઢું બંધ, આખું ફૂલસ્કેપ ભરાય એટલા કામો પણ.... બપોરનો ૧.૦૦ પછી તમે ઈશ્વરને રોકી ન શકો. જેટલાં કામ હોય એટલાં ૧.૦૦ વાગ્યા પહેલાં બતાવો. ઈશ્વર પણ વીસેક વર્ષથી આશ્રમમાં છે.

**મનુઃ** બહુ જુનો કર્મચારી. બધાને પહોંચો પણ અમારા મનુને પહોંચો તો ખરા. કોઈ કામની બાબતમાં પુછીએ ત્યારે ચકરડામાં એવા ગોળ ગોળ ફેરવે કે તમે એને બે હાથ જોડી કહો કે "તું સાચો ભઈ" એનો ટાઈમ બપોરે ૨.૦૦ થી ૯.૦૦ વાગ્યાનો. શાંતિથી આવે. પણ ચ્હા બરાબર ૩.૩૦ વાગે આપી દે. એના કામોમાં દળણું. દૂધ ગરમ કરવાનું, ડાઈનીંગ હોલ વ્યવસ્થિત રાખવાનો, સાંજના જમવાની થાળી મૂકવાની. બહારનું ગાર્ડન સાફ કરવાનું. છોડવાને પાણી પાવાનું વિ.વિ. જે કામોના રિઝલ્ટ આપવાના હોય તે કામ અચૂક કરે, બાકીના કામ કરે તેવું બતાવે. મનુ હાજરજવાબી. એટલી બધી કહેવતો જાણે કે તેના જવાબથી આપણે ઠંડા થઈ જઈએ. મનુ સાથે બે ઘડી બેસો તો હસી હસીને પેટ દુઃખી જાય. કોઈ દાદા કે બા સાથે વીફર્યો તો મણની જોખીને આપી દે. પણ એના વિના ચાલે પણ નહીં હોં. અમારા મંગળામાસી કહેતા કે આ તો આશ્રમનો ઉંદરડો છે. કાંઈ ન મળતું હોય તો મનુને કહો અને જડે જ. એની જગ્યા કોઈ ન લઈ શકે તેવો છે અમારો મનુ.

**દાઉદભાઈ :** મૂળ હિંદુ પણ અત્યંત ગરીબીના કારણે માં-બાપે મિશનરીઝને સોંપવાનું પસંદ કર્યું. "અમારા બાળકોને ખાવા તો મળશે" મિશનરીઝ સાથે લાંબો સમય રહ્યા તેથી 'મિશન' તેમની રગેરગમાં છે. કાર્યક્ષમ અને સક્ષમ છે. કામનો જરાપણ કંટાળો નહીં. જે કામ સોંપ્યું તેને પાછું વળીને જોવું ના પડે. હૃદયથી કોમળ છે. પુરુષોના આઈસીયુનું કામ તેમને સોંપવામાં આવ્યું છે. તેમાં એક ભાઈ બચપણથી પોલિયોના કારણે તેને ઉઠવા-બેસવામાં, ન્હાવામાં, કપડા પહેરવામાં-ટૂંકમાં બધી દિનચર્યામાં તેને મદદની જરૂર પડે. દાઉદભાઈ તેનું બધું કામ પ્રેમથી કરે. તેને વોકરથી ચલાવે. બહાર લાવી બાંકડા પર બેસાડે. અશક્તાશ્રમમાં તો પ્રસંગો, પર્વો અને પ્રયોગો અનેક. એ બધું જોઈ શકે તે માટે તેને યોગ્ય જગ્યાએ લાવી બેસાડે તેમણે કરેલા કામ વ્યવસ્થિત અને સુઘડ હોય. આ છે દાઉદભાઈ.

**પુનિત :** બધાનું મેનેજ કરતો મેનેજર એટલે સૌનો લાડકવાયો પુનિત. ચંદ્રવદનભાઈની ઝીણવટભરી મેનેજમેન્ટ હોય કે અમદાવાદથી સૂચનો આપતા નરેશભાઈ હોય કે મુંબઈથી એકાઉન્ટસ માટે કેટલીક માંગણી કરતા મીતલભાઈ હોય, કે રસોડામાં સાધનોની તકલીફ હોય કે સોલરના પ્રશ્નો હોય કે પ્રસંગોની સુઘડ અને સરસ મેનેજમેન્ટ હોય, વર્ષમાં ત્રણ વખત કરવાના ધાનદાનની વ્યવસ્થા હોય, શ્રી રાધાકૃષ્ણના વસ્ત્રો બદલવાના, કૃષ્ણને સાફો પહેરાવવો-કેટલા કામો લખું ? અલબત્ત મેનેજર છે. તેના કામમાં બધું જ આવે. પણ..... બધાને બધું ન આવડે. ઈલેક્ટ્રિશિયન, પ્લમ્બરની, ડેકોરેટરની મદદ લે પણ નાના કામોમાં અમારે કોઈને બોલાવવાની ખાસ જરુર પડતી નથી. મોટાભાગના કામો પુનિત અને ઈશ્વર પતાવી દે. બધા કામો શાંતિથી પતાવી શકે છે કારણ કે પુનિતના માથે બરફની પાટ છે. વૃદ્ધોને સાચવવા - તેમના પ્રશ્નો હલ કરવા એ બહુ અઘરું કામ છે પણ પુનિત કરી શકે. ઈશ્વરે પુનિતને પત્ની બહુ સુક્ષ્મ અને સમજુ આપી છે. સ્કુલ ટીચર છે પણ અનેક કામોની વચ્ચે પણ પ્રસંગ હોય ત્યારે આશ્રમ માટે સમય કાઢી લે. દંપત્તિ ઉપર ઈશ્વરના ચારેય હાથ છે.

# સંસ્થા સમાચાર

### શ્રી ચંદ્રવદનભાઈનો જન્મ દિવસ

ઈસુના નૂતનવર્ષનો પ્રારંભ પહેલી જાન્યુઆરીથી થાય. યોગાનુયોગ અશક્તાશ્રમના પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈનો જન્મ દિવસ પણ પહેલી જાન્યુઆરીના રોજ છે. ચંદ્રવદનભાઈની અંતરની ઈચ્છા જન્મ દિવસ વૃદ્ધ વડીલો સાથે ઉજવવાની હતી. પરંતુ કોરોનાની મહામારી મુંબઈ અને મહારાષ્ટ્રમાં વકરતાં તેઓ આવી શક્યા નહીં. લેન્ડલાઈન તો હવે અવશેષ થઈ ગયો છે ને મોબાઈલ ખૂબ જ ઉપલબ્ધ અને સરળ થઈ ગયો છે. એટલે ભર શિયાળામાં પણ પરસ્પર શુભેચ્છાઓ અને આભારની લાગણીઓની વર્ષાથી મોબાઈલ પણ ભીજાઈ રહ્યો. ઠેરઠેરથી કાકાને સદી માટે અધૂરા રહેલા વર્ષો નિરાયમ સ્વાસ્થ્ય શેષ જીવન શ્રેષ્ઠ જીવન બની રહેના અંતઃકરણ પૂર્વક જીવં શરદના હ્રદયના ભાવ વ્યક્ત થતા રહ્યા.

કોરોનાને કારણે આખું સામાજીક તંત્ર આર્થિક તંત્ર ધાર્મિક તંત્રના લીરે લીરા ઉડી રહ્યા છે. ૧૪મી ઉત્તરાયણ આવે એટલે બાળકોને પતંગ વિતરણ સાંસ્કૃતિક કાર્યક્રમ થતા રહેતા. વૃદ્ધો પતંગ ઉડાડી જીવનનો ભૂતકાળ યાદ કરે. જો કે આશ્રમમાં આ વર્ષે પતંગ મહોત્સવ ન થયો પણ ધનુર્માસના ખીચડાનું આયોજન થયું. ભજન અને ભોજન.વડીલો અને સ્વજનો અવધૂત ભજન મંડળના ભજનીકોએ આનંદ લૂંટ્યો.

### ધાનદાન પ્રયોગ-૨૨

વડીલ શ્રી ચંદ્રવદનભાઈ/સુશ્રી ઉષાબેન આવી રહ્યા છે ને નોબત વાગી રહી હતી. શબરીને ખેડૂત નજરે સૌ આશ્રમવાસીઓ કાગડોળે ઈન્તજાર કરી રહ્યા હતા પરંતુ કોરોનાને લીધે સૌને નિરાશ થવું પડ્યું.કામ ન અટકાવોની સૂચનાઓ મળતી હતી. તા. ૯-૧, ૧૦-૧, ૧૧-૧, ત્રણ દિવસ ત્રણ કેન્દ્રો ઉપર ગામડાઓ માટે ધાનદાનનું સુંદર આયોજન થયું. તા. ૯-૧ના રોજ નેરા મુકામે દિપ પ્રાગટ્ય VSSN ના સેવાભાવી મિત્તલબેન પટેલના શુભ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે ઉપપ્રમુખ ડૉ. નરેશભાઈ શાહ, ડૉ. નરેશભાઈ વેદ, શ્રી ઉદયભાઈ શાહ, શ્રી ગીરીશભાઈ શાહ તથા સ્વજનો કેબી શાહ, મહેન્દ્ર ડી વાળા, શ્રી અશ્વિન ખંભોળજા, ના ગામે ગામ જઈ રૂબરૂ સંપર્ક કરી દિવાલોએ પત્રિકાઓ ચોંટાડી કરેલા પ્રયત્નોથી ધારણાઆમુજબની લાભાર્થીઓની સંખ્યા એકઠી થઈ શકી. કોરોનાને કારણે ડિસ્ટન્સ,માસ્ક અને સેનેટાઈઝરનો પણ આગ્રહ રાખવામાં આવ્યો. તે મુજબ લાભાર્થીઓ પણ વર્ત્યા ખરા. નેશ, રખીયાલ, મોરઆમલી, સૈયાંત વણોતી સેન્ટર નક્કી થયા. જ્યાં નજીકના ગામડાના લાભાર્થી આવે તેવું વ્યવસ્થિત તંત્ર ગોઠવાયું. કાર્યક્રમનો આરંભ સ્થાનિક સરપંચશ્રી આચાર્યશ્રીના દિપપ્રાગટ્યથી થાય. લાભાર્થીઓને ડિસ્ટન્ટમાં ગામ વાઈઝ કતારમાં તેમનું સન્માન જળવાય તે રીતે બેસાડાય. બોલાવાય, સહયોગી એક્સગ્રુપ ક્લબના મિત્રો મોબાઈલથી નોંધણી કરે. રજીસ્ટરમાં ટીક થાય ને કીટ વિતરણ થયા કરે સમયની મર્યાદામાં કામ પણ પૂર્ણ થઈ જતું. કીટમાં ૫ કિલો બાજરી, ૨ કિલો ચોખા, ૨ કિલો ચણાદાળ, ૨ કિલો મોરસ, ૧ લીટર તેલ, ૧ કિલો ગોળ, ૨૦૦ ગ્રામ મરચું, હળદર, ૧૦૦ ગ્રામ ધાણાજીરુ, ૨૦૦ ગ્રામ શિયાળો હોઈ તલની ચિક્કી અને ઘેર જવા રૂા. ૧૦ રિક્ષાભાડું તો ખરું જ. કુલ ૭૬૮ લાભાર્થીઓએ લાભ લીધો. સારસ બેલડી પૂનિત અને પિંકી વિના ચિત્ર અધુરું રહે. તેમની સેવા કાબિલેદાદ હતી.

૧૪-૧ ઉત્તરાયણ પર્વ. સમયવર્તે સાવધાનતા રાખી આનંદ લૂંટ્યો. બાળકોને કોરોના ને કારણે અને શાળાઓને પણ બંધુ ચાલુ રહેતી હોય પતંગ વિતરણનો કાર્યક્રમ મુલતવી રાખવાની ફરજ પડી. પણ ભજન સંધ્યાને નામે તા. ૧૭-૧ ના રોજ ભજનોની રમઝટ પછી અજય ઉદ્યાનમાં ડાકોરની પ્રખ્યાત ધનુર્માસની ખીચડીનો રવૈયા પૂરી પાપડી ગોટા કઢી સૌને  જમાડી આનંદ લૂંટ્યો. મઝા આવી ગઈ ને સ્વયંભૂ ઉદ્ગાર તો સાંભળવા મળે જ.

કોરોનાને કારણે ધાનદાનમાં ડાકોરને સમયસચૂકતા દાખવી વિરામ આપવો પડતો હતો. છતાં સ્વજનો ઉપર વિશ્વાસ રાખી એક નવું સાહસ ડાકોરનાને પણ ધાનદાન આપવાનું અશક્તાશ્રમમાં નક્કી થયું. તા. ૨૨-૨, ૨૩-૨, તા. ૨૪-૨, ત્રણ દિવસ ડાકોરના લાભાર્થીઓના જુદા જુદા વિસ્તારના ભાગ કરી આયોજન ગોઠવાયું.આશ્રમવાસી દિગંબરભાઈ અને સક્રિય સ્વજનો કે.બી. શાહ, મેહન્દ્ર ડી. વાળા, પ્રભુ અશ્વિનભાઈ ખંભોળજા, રાજુભટ્ટ, સુશ્રી વર્ષાબેન, સુશ્રી પીન્કીના હાથે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખૂલ્લો મૂક્યો. ડાકોરવાસી ૫૫૮ અને કર્મચારી ૧૫ મળી ૫૭૩ લાભાર્થીઓને કીટનો લાભ મળ્યો. કીટમાં ૫ કિલો બાજરી, ૨ કિલો ચોખા, ૨ કિલો છોડા મગની દાળ, ૨ કિલો મોરસ, ૧ કિલો ગોળ, ૧ લીટર તેલ, ૨૦૦ ગ્રામ મરચું, ૧૦૦ ગ્રા મહળદર, ૨૦૦ ગ્રામ ધાણાજીરુ અને ઘેર જવા રૂા. ૧૦ તો ખરા જ. તા. ૩-૩ આશ્રમના આંગણે અનેરું પર્વ બની રહે છે. ટ્રસ્ટીશ્રી જયભાઈ ત્રાલસાવાળા, ટ્રસ્ટીશ્રી દિપકભાઈ ગોરવાળા, ટ્રસ્ટીશ્રી ડૉ. નરેશભાઈ વેદ સાહેબ, કે.બી. શાહ અને સ્વજનનો પણ જન્મદિવસ. સવારે કે.બી. શાહના હાથે રાધાકૃષ્ણ મંદિરમાં આરતી થઈ. સૌએ ચારેય જણની સેવાઓને યાદ કરી અંતઃકરણથી આશિર્વાદ આપ્યા. પૂ. કાકાના અને અશક્તાશ્રમના શુભેચ્છા સંદેશા મોબાઈલ રણકતા રહ્યા.

### નેત્ર કેમ્પ

તા. ૩-૩-૨૧ના રોજ બહોળો પ્રચાર કરી શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલય અને આશ્રમના સંયુક્ત ઉપક્રમે નેત્ર કેમ્પનું આયોજન થયું. દિપપ્રાગટ્ય ઓર્થોપીડિક ફંડના દાતા સુશ્રી રંજનબેન શાહના હસ્તે થયું.

કાર્યક્રમ શરુ થયો બહારના દર્દીઓ ૬૦ આશ્રમવાસી ૧૫ કર્મચારીઓનો કુલ ૨૬૪ વ્યક્તિએ નિદાનનો લાભ લીધો. તેમાંથી ૧૪ વ્યક્તિને મોતીયાનું ઓપરેશન ડાકોરથી નડિયાદ જઈ ડાકોર પરત સુધીનું નક્કી થયું. છારીના ૧૩, રેટીના-૧ના દર્દીઓને સારવાર આપી.

### પગરખા પ્રયોગ-૬

તા. ૧૩-૩-૨૦૨૧ અને તા. ૧૪-૩-૨૦૨૧ નિયત ગામડા માટે પગરખા વિતરણનું ગોઠવાયું. પ્રચારની જવાબદારી સ્વજન કે.બી. શાહે ઉપાડી. દરેક ગામડે રીક્ષા ફેરવી પત્રિકાઓ ચોટાડી સીધા સંપર્ક કરી લાભાર્થીઓ સુધી સંદેશો પહોંચાડ્યો. ટ્રસ્ટીગણની શુભ શુદ્ધ ભાવના આગળ ઉનાળો આવી રહ્યો છે તે ગામડાના માણસ ખેતરે જતા હેરાન ન થાય તેને કોઈ તકલીફ ન પડે તેથી અત્યારે પગરખા પ્રયોગ-૬નું આયોજન

કર્યું. તા. ૧૩-૩ મોર આંબલીને સેવાનું કેન્દ્ર બનાવ્યા. તા. ૧૪-૩ તે વણોજી અને નવી રખીયાલને કેન્દ્ર સ્થાન બનાવ્યા. જ્યાં લાભાર્થીઓને નજીક પડે ને આવી શકે ને તકલીફ પણ ન પડે. ભાઈશ્રી પૂનિત, પિંકી, મહેન્દ્રભાઈ અને શ્રી અશ્વિનભાઈ ખંભોળજાના પ્રયત્ન સફળ રહ્યા. બંને કેન્દ્ર સ્થળે દિપ પ્રાગટ્ય સરપંચશ્રી શાળા આચાર્યશ્રીને પુષ્પગુચ્છથી સન્માનીત કરવામાં આવ્યા. વણોજા મુકામે ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત કરનાર યુવા કવિ શ્રી ગીરીશ પરમાર રઢુકીયા ખાસ હાજર રહ્યા. મોરઆમલીથી સૈયાત જતાં બોરડી કે.બી. શાહે તપાસ કરી પરંતુ તેમના સુધી સંદેશ પહોંચી શક્યો નથી. ઠેર ઠેર ફરી સૌન ભેગા લઈ સૈયાત આવવાની ગોઠવણ કરી આપી. તો સૈયાત અન્ય કેટલાક ગામડાના લાભાર્થી પત્રિકા વાંચવામાં ભુલથી આવી બેઠા હતા. પાઠ ભણાવવા ખુલી પલક મેં જુઠા ગુસ્સા બંધ પલક મેં પ્યારનો અમલ કર્યો. સૌને ચોખ્ખી ના પાડી પણ વ્યવહાર થઈ દિલ પીગળતાં આટલી ગરમીમાં જ્યારે આવી જ ગયા છે તો ફરી આવી ભૂલ ન કરશો. કહી પગરખાં આપ્યા. કેબી શાહે સૈયાંત અને મૂળીયાદમાં સવારે ઘેરબેઠા ફોન કરી આવવાનું તાજુ કરાવ્યું. જેથી ન ખબર હતી તેવાને પણ લાભ મળ્યો. કુલ લાભાર્થી બહેનો ૪૬૭, તથા ભાઈઓ ૧૮૫ને પગરખાનો લાભ મળ્યો.

અશક્તાશ્રમના માનસપુત્ર સમાન આશિર્વાદ એવા સંકુલ ટ્રસ્ટ ને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ખેડા જીલ્લાના સ્વર્ગસ્થ મુર્ધન્ય સાહિત્યકારો ઈશ્વર પેટલીકર જોસેફ મેકવાન, ગોવર્ધનરામે ત્રિપાઠી રાવજી પટેલ અને રાજેન્દ્ર પ્રસાદ ઉપર પ્રખર વક્તાઓનો પરિસંવાદ થયો ને ૧૦ કવિ કવિત્રિઓએ પોતાની સ્વકૃતિઓ રજૂ કરી. મેનેજરશ્રી પુનિતભાઈ ખંભોળજાએ પ્રાર્થના કરી વાતાવરણ ભક્તિમય બનાવ્યું. દિપપ્રાગટ્ય અશ્રમની દીવી વપરાઈ અને વક્તાઓ માટેનું ઉભા રહીને બોલવાનું પોડીયમ પણ આશ્રમનું સદુપયોગ આવ્યું. સ્થળ પ.પૂ. વિજયદાસજી દંડીસ્વામી કે જે પણ આશ્રમથી સતત જોડાયેલા છે, તેમણે પૂરું પાડ્યું. ને આશિર્વચન આપ્યા. કે.બી. શાહના અમૃતપર્વ નિમિત્તે સન્માનપત્ર અર્પણ કર્યું.

**-કે.બી.શાહ**

## સંયુક્ત કૌટુમ્બિક ભાવના

એક પાંદડું જ્યારે ઝાડ ઉપર તેની ડાળીથી વીંટળાયેલ હોય છે. બીજા પાંદડાના સમૂહમાં હોય છે. ત્યારે કેવું તાજું લીલુંછમ અને જીવંત લાગે છે. તેણે ઝાડની ડાળીમાંથી તેના થડમાંથી અને ખુદ જમીનમાંથી પોષણ મળે છે. તેના સ્વભાવ અને લક્ષણો મૂળ બીજમાંથી અને માટી, પાણી અને હવાના સંવર્ધન મળે છે પણ જેવું તે તેમાંથી છૂટું પડે છે ત્યારે રગદોળાય છે. ઠેબે ચડે છે. તેની કિમ્મત અને જીવન એક બે દિવસમાં ખલાસ થાય છે. અને છેવટે કચરામાં વિલીન થાય છે.

માનવ માત્રનું પણ એમ જ છે. જ્યાં સુધી કુટુંબ પરિવારથી જોડાયેલ હોય છે ત્યાં સુધી કુટુંબ નામના વૃક્ષમાંથી પોષણ સંસ્કાર અને ચારિત્ર મળે છે. ઈશ્વરે આપણને જ્યારે આ જગતમાં મોકલ્યા ત્યારે કયા કુટુંબમાં કયા માતાપિતાને ત્યાં અને કયા દેશમાં જન્મવું તે તેણે નક્કી કર્યું હોય છે. કર્મની સ્વતંત્રતા દરેક વ્યક્તિને આપી છે અને કર્મ થાય છે. તમારા સ્વભાવ અને સંસ્કાર અનુસાર. આમ આપણને પરિવારની ધરોહર આપણા આચાર વિચાર અને તેના થકી થતાં કર્મોને મહદ્અંશે અસર કરે છે. નાનપણથી જ ઘરમાં જુઠું ન બોલાય, નીતિમય અને શિસ્તબદ્ધ રહેવાય, અપ્રમાણિક ન થવાય, મોટાને આદર અને નાનાને પ્રેમ અને વાત્સલ્ય અપાય એવા સંસ્કાર પડેલ હોય તો તેની છાપ આપણી વર્તૂણક ઉપર થાય છે. અલબત્ત હવે વ્યક્તિ મોટો થાય તેમ તેનું વર્તુળ મોટું થાય અને મિત્રો, ધંધા અને સમાજ થકી અનેક લોકોના સંપર્કમાં આવવાના પ્રસંગો થાય. તેમની પ્રગતિ કે અધોગતિ અપ્રમાણિકતા, અનીતિ અને જૂઠની બુનિયાદ પણ રહેલી હોઈ તેનું અનુકરણ થઈ જાય અને મૂળ સંસ્કાર ઉપર વર્ષો જતાં નવી સોબતોની તેની આછી-પાતળી છાપ પડે. પરિણામે વિચારોમાં વિષમતા આવે તે શક્ય છે. હવે જમાનામાં વ્યક્તિની આસપાસનું અન્ય વ્યક્તિ અને સંજોગોનું વર્તુળ એટલું મોટું થઈ ગયું હોય છે કે મનુષ્ય સહેલાઈથી કોઈપણ ભોગે મેળવવાની લાલચ રોકી શકતો નથી. માણસ વધુ ને વધુ સ્વાર્થી અને સ્વકેન્દ્રી બની જાય છે.

મૂળ સંસ્કારને સાચવવા હોય જે ઈશ્વરદત્ત પરિવારના જોડાણ અને પ્રેમને પાનની જેમ ડાળીએ અને ડાળી જેમ પાનને વળગી રહે છે તેમ પરિવારને વળગી રહો. પ્રેરણાનું પિયુષ અંતે તો પરિવારમાં જ છે. બહારી તત્ત્વોનું આકર્ષણ ફક્ત ચાર દિનની ચાંદની જેવું જ છે. પહેલાના જમાનામાં માણસ પરિવારથી ગામ-ઓળખાતો આ વૈશ્વિકરણના જમાનામાં આપણે આપણામાંથી ખોવાઈ જઈએ છીએ.

**- ચંદ્રવદનભાઈ શાહ**

બુક-પોસ્ટ/પ્રિન્ટેડ મેટર

પ્રતિ શ્રી ____________________

**પ્રેષક :**

**ડૉ. નરેશ આર. શાહ (ટ્રસ્ટી)**

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

૨૦૩, સંકલ્પ સ્કેવર-૨, બીજોમાળ, જલારામ રેલ્વે ક્રોસીંગ અને કલગી ક્રોસ રોડ પાસે,
ડૉ. સુમન શાહ ઓર્થોપેડીક હોસ્પિટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. (INDIA) M. 9824030858



સૌજન્ય મુદ્રક : સરૈયા આર્ટ પ્રિન્ટરી ★ (મો) : ૯૮૨૫૪૪૦૬૯૦